મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

# ફાફડા-જલેબી ખરીદવા શહેરીજનોની કતાર

## શહેરમાં ૯૦ લાખ રૂપિયાના ફાફડા-જલેબી-ચોળાફળીનું વેચાણ



### ફાફડા અને જલેબીનો પ્રતિ કિલોનો ભાવ

શહેરમાં રૂ. ૪૮૦ પ્રતિ કિલોના ભાવે ફાફડાનું વેચાણ થયું હતું. ચોખ્ખા ઘીની જલેબીનો ભાવ રૂ. ૬૦૦ પ્રતિ કિલો આ વર્ષે રહ્યો હતો. જે ગત વર્ષે રૂ. ૪૨૦ થી ૪૮૦ રૂ. પ્રતિ કિલો હતો. ઉપરાંત ગત વર્ષે ફાફડાનો પ્રતિ કિલોનો ભાવ રૂ. ૩૬૦ થી ૪૦૦ રૂ. હતો. આમ ગાંધીનગરમાં ફાફડા અને જલેબીના ગત વર્ષ કરતા કિલોના ભાવમાં રૂ. ૫૦ થી ૭૦નો વધારો નોંધાયો છે.

### ફાફડા-જલેબીમાં ઉપયોગી ચીજવસ્તુઓના ભાવ

| વસ્તુ | ૨૦૨૦ | ૨૦૨૧ |
|---|---|---|
| તેલ | ૧૨૦૦ રૂ. | ૨૫૦૦ રૂ. |
| ઘી | ૪૫૦ રૂ. | ૪૮૦ રૂ. |
| ખાંડ | ૪૦રૂ. | ૪૦ રૂ. |
| બેસન | ૬૫ રૂ. | ૧૦૦ રૂ. |



ગાંધીનગર, તા.૧૫

ગુજરાતીઓ દ્વારા વિજયા દશમી પર્વની ઉજવણી ફાફડા અને જલેબી ખાઈને કરવામાં આવે છે ત્યારે રાત્રીના ૧૨ વાગ્યાથી જ ફાફડા-જલેબી-ચોળાફળીની ખરીદી ચાલુ થઈ ગઈ હતી. ફરસાણની દુકાનો આગળ સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી. લગભગ ૯૦ લાખ રૂપિયાના ફાફડા-જલેબી-ચોળાફળીનું વેચાણ દશેરા પર્વમાં થયું હતું.

દશેરાનો પર્વ ફાફડા જલેબી સાથે ઉજવવાની પરંપરા છે ત્યારે દશેરાના દિવસે શહેરની ફરસાણની દુકાનો રાધે સ્વીટ નમકીન, વૃંદાવન, ગ્વાલિયા, વિપુલ સ્વીટ, ગાંઠિયા રથ વગેરે દુકાનોમાંથી ૯૦ લાખ રૂપિયાના ફાફડા જેલબીનું વેચાણ થયું હતું. ફાફડાના પ્રતિ કિલોનો ભાવ રૂપિયા ૪૮૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે જયારે શુધ્ધ ઘીની જલેબીનો પ્રતિ કિલોનો ભાવ ૬૦૦ રૂપિયા કિલોએ પહોંચ્યો છે. શહેરમાં ઘણી બધી જગ્યાએ ફાફડા-જલેબીના સ્ટોલ પણ બનાવવામાં આવ્યા હતા. જેમાં ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી હતી. શહેરની જાણીતી દુકાનો પર ફાફડા લેવા માટે એક કલાકનું વેઈટીંગ બોલાઈ રહ્યું હતું. દશેરાના દિવસે ફાફડા જલેબીની લિજ્જત માણવાની વર્ષો જુની પ્રથા છે. એમાંય ગાંધીનગરમાં દશેરાના દિવસે ફાફડા જલેબીની સાથે ચોળાફળીનું પણ ધૂમ વેચાણ થાય છે. જયાં પપૈયાની છીણ, મરચાં, ચટણી અને કઢી-ફાફડા સાથે મળે તે દુકાન કે મંડપ પાસે ભીડ અવશ્ય વધુ જોવા મળે છે. વધતી મોંઘવારી અને ભાવવધારો છતાંય સ્વાદ રસિયાઓની ફરસાણની દુકાનો પર કતારો વધારે લાંબી થતી જોવા મળી હતી. દશેરા પર્વ ઉપર ફાફડા જલેબીની માંગ વધુ રહેતી હોઈ છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગરના વેપારીઓ તેના આયોજનમાં જોતરાયેલા જોવા મળી રહ્યા હતા.

ફાફડા જલેબીમાં જોવા જઈએ તો ફાફડામાં શુધ્ધ સિંગતેલમાં તળેલા ફાફડાના ભાવ અન્ય તેલમાં તળેલા ફાફડા કરતાં વધારો હોય છે તેવી જ રીતે જલેબીમાં પણ શુધ્ધ તેલ અને શુધ્ધ ઘીમાં તળેલી જલેબીના ભાવમાં ફેરફાર જોવા મળે છે. તેમજ આ ઉપરાંત જલેબીમાં ઈમરતી અને કેસર જલેબી જેવી વેરાઈટી પણ ઉમેરાઈ છે.

જલેબી સાથે ફાફડા ખાવાના બીજા પણ કારણ છે કહેવાય છે કે હનુમાનજીને ચણાના લોટની વાનગી ખૂબ જ ભાવતી હતી. જલેબી સાથે જયારે ફરસાણ ખાવાનું શરૂ થયું ત્યારે હનુમાનજીના પ્રિય ચણાના લોટના ફાફડાનું અવતરણ થયું. અન્ય માન્યતા એવી છે કે નવરાત્રિમાં મોટાભાગના ભકતો ઉપવાસ કરતા હોય છે. ઉપવાસ બાદ ચણાના લોટની વાનગીથી જ પારણા થવા જોઈએ એટલે પણ કહી શકાય છે કે જલેબી સાથે ફાફડા ખાવાની પરંપરા શરૂ થઈ.

## ગાંધીનગરના રાજપૂત સમાજનું શસ્ત્રપૂજન



ગાંધીનગરના શ્રી રાજપૂત સમાજ દ્વારા વિજયાદશમીના પવિત્ર પર્વ નિમિત્તે શહેરના રાજપૂત સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં શસ્ત્ર પૂજન યોજાયું હતું. આ પૂજનમાં જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ શંકરસિંહ રાણા તથા શહેર રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ સહિત સમાજના અન્ય હોદ્દેદારો તથા મહાનુભાવો શસ્ત્રપૂજનમાં જોડાયાં હતા.

## લાયન્સ કલબ ફેમિના દ્વારા ડાયાબીટીસ સેન્ટરનો આરંભ




લાયન્સ કલબ ઓફ ફેમિના તરફથી ડાયાબીટીસ ચેકઅપ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ડાયાબીટીસ સેન્ટર ડૉ. વિજય જોગીએ શ્રીજી કલિનિક, કુડાસણ ખાતે ખોલવામાં આવેલ છે. ફેમિના કલબના પ્રમુખ વૈશાલીબેન જોષીએ જણાવ્યું હતું કે આ સેન્ટર પર ડાયાબીટીસનું મફત ચેકઅપ કરી આપવામાં આવશે. જનતાને વર્ષ દરમિયાન ગમે ત્યારે મફત ડાયાબીટીસ ચેકઅપનો લાભ લેવા જણાવ્યું હતું.

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા ૫૧ દીપ પ્રાગટય આરતી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા ૫૧ દીપ પ્રાગટય આરતી કાર્યક્રમ સેકટર-૨૬ ખાતે યોજાયો હતો. જેમાં માતાજીની આરતી મુખ્ય અતિથિ અક્ષયભાઈ ઠકકર (નેશનલ ચેરમેન ઈન્ડિયન લાયન્સ), રાધેશ્યામ યાદવ (પ્રમુખ ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ), ડૉ. ગુલાબચંદ પટેલ (ડાયરેકટર), ભરતભાઈ દેસાઈ (મિડિયા કન્વીનર ઈન્ડિયન લાયન્સ), મહેન્દ્રભાઈ ચૌહાણ (ડાયરેકટર), મંગળસિંહ સોલંકી (ઉપપ્રમુખ), મહેન્દ્રસિંહ સોલંકી (સેક્રેટરી), શિલ્પા દેસાઈ (પ્રમુખ લાયોનેસ), ઉષાબેન ચૌહાણ, સંજીવ યાદવ(નેશનલ સેક્રેટરી) નિમેષ ચૌહાણ (પ્રમુખ જીવદયા) કૈલાસબેન યાદવ, પાર્વતીબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.




## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વર્તમાન કોર્પોરેટરોનો સન્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૫

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા કોર્પોરેટરોના સમાજ તથા શહેરમાં પ્રથમ પંકિતમાં સન્માન કરી સમાજને તેમના સેવા કાર્યોનો લાભ મળે તેવી શુભકામનાઓ પાઠવી હતી. અંજનાબેન મહેતા, હેમાબેન ભટ્ટ, શૈલાબેન ત્રિવેદી, છાયાબેન ત્રિવેદીનું બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગરબાસ્પર્ધા યોજાઈ હતી. જેમાં વીરા જોષી, હિરણ્ય પંડયા, મહેશ્વરી શર્મા, ધૃતિ ત્રિવેદી, અલ્કાબેન પુરોહિત, ભાવનાબેન પંડયા, રેખાબેન ભટ્ટ વગેરે સ્પર્ધકોએ તેમની કલાનું ઉત્કૃષ્ટ પ્રેઝન્ટેશન રજૂ કરી ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

### જન્મદિને વધામણી



જીગ્નેશ રમણલાલ સોની
મો. ૯૯૭૮૬ ૨૭૨૭૯



વૃતિકા યુ પાનવાલા
મો. ૯૮૯૮૫ ૭૫૬૫૦



માર્મિક ચંદ્રકાંત હાજીપરા



દેવ ચેતન ત્રિવેદી

### ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. દોશી રોહિત વિનોદરાય, ઉ.વ. ૬૪, અડાલજ
- સ્વ. પટેલ હરગોવિંદભાઈ સાંકળચંદ, ઉ.વ. ૬૭, કોબા
- સ્વ. ઠાકોર પ્રતાપજી મગનજી, ઉ.વ. ૫૬, ધોળાકુવા, માણસા

# શહેરમાં ગરબાને ભાવપૂર્વક વિદાય

## વિવિધ શાળા, કોલેજો, સંસ્થા દ્વારા નવરાત્રીની ઉલ્લાસપૂર્વક ઉજવણી

●●●

**આર.એન. પટેલ શાળા**



આર.એન. પટેલ પ્રાઈમરી શાળામાં નવરાત્રી પર્વ નિમિત્તે ગરબાનું આયોજન કરાયું હતું. આદ્યશકિત અંબાજીની પૂજા અર્ચના પછી માતાજીના ગરબાની શરૂઆત કરી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગરબામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને બેસ્ટ ગરબા પ્રાઈઝ પણ આપવામાં આવ્યા હતા.

●●●

**એમ.બી. પટેલ સ્કૂલ**



એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ માટે આવતી વિદ્યાર્થીની બહેનો માટે શાળાના કેમ્પસમાં વિદ્યાર્થીની બહેનો તથા સ્ટાફ મિત્રો માટે નવરાત્રીના પવિત્ર પ્રસંગની ઉજવણી કરી હતી. મા આદ્યશકિત જગદંબાની આરતી ઉતારી ટ્રેડીશનલ ડ્રેસ સાથે શાળાના આચાર્ય, સુપરવાઈઝર તથા શિક્ષકો જોડાઈ ગરબે ઘુમ્યા હતા. આ કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીની બહેનોને પ્રસાદ વિતરણ કરી શાળાના આચાર્યએ આશીર્વચન આપ્યા હતા.

●●●

**ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ**



ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૨૪ની સરકારી પ્રાથમિક શાળામાં બાળકો માટે ગરબાનું આયોજન કરાયું હતું. ગરબા સાથે બાળકોમાં કલાનો પણ વિકાસ થાય તે હેતુથી આરતી સુશોભન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ગાંધીનગર મનપા વોર્ડ નં.૩ના નવ નિર્વાચિત નગરસેવિકા સોનાલીબેન પટેલ, ભરતભાઈ ગોહિલ, અંકિત બારોટ, વોર્ડ નં. ૫ના હેમાબેન ભટ્ટના હસ્તે આરતી સ્પર્ધાની બાળકીઓનું સન્માન કરાયું હતું. ઉદગમના આશાબેન સરવૈયા, મનોજ જોષી, પરમજીત કૌર છાબડા, દિક્ષિતા જોષી, ડૉ. નીતા શેખાત, ચંદાબેન યાદવ, અંજના ગોર, આશિષ જોષી, વર્ષા પારેખ, શાળાના આચાર્ય વિપુલ બ્રહ્મભટ્ટ તથા શિક્ષકોએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. પૂર્વ નગરસેવિકા અને સમાજસેવી હર્ષાબા ધાંધલ અને ફોરમબેન દ્વારા ખેલૈયાઓને કાનની બુટ્ટી અને ઉદગમ સંસ્થા દ્વારા પેન્સિલ, ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ કરી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

●●●

**શિવશકિત મંદિર,સે-૩ ન્યૂ**



સેકટર-૩ ન્યૂ શિવશકિત મંદિરે નવરાત્રિની ઉજવણી અન્વયે દુર્ગાષ્ટમીના હવન પૂજા અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટરના ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ધર્મકાર્યનો લાભ લીધો હતો.



●●●

**સિધ્ધાર્થ રેસીડેન્સી**

સિધ્ધાર્થ રેસીડેન્સીમાં નવરાત્રિ પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ હતી. જેમાં નાની નાની બાળાઓ અને સોસાયટીના વસાહતીઓએ સુંદર ટ્રેડિશનલ વસ્ત્રો પહેરીને નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી.

●●●

**સેકટર-૩-ડી**



સેકટર-૩-ડી નવરાત્રી મહોત્સવમાં છેલ્લા દિવસે મોટી સંખ્યામાં ખેલૈયાઓની ભીડ જોવા મળી હતી. ગરબા ખેલૈયાઓએ છેલ્લા દિવસે પૂરજોશમાં ગરબા ગાયા હતા.

●●●

**કેશવપાર્ક સોસાયટી, વાવોલ**



કેશવપાર્ક સોસાયટીમાં નવરાત્રી નિમિત્તે વોર્ડ નં.૭ના તમામ કોર્પોરેટરનું સન્માન કરવામાં આવ્યું હતું.